## વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન (GARMIN) માટેની ગેરંટી (VB-G RAM G અધિનિયમ, 2025) ની મુખ્ય વિશેષતાઓ

### (૧) પ્રસ્તાવના:

વિકસિત ભારત @2047 ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સાથે સુસંગત ગ્રામિણ વિકાસ માળખું સ્થાપિત કરવા માટેનો અધિનિયમ; જેમાં દરેક નાણાકીય વર્ષમાં અકુશળ વર્કર તરીકે કામ કરવા ઇચ્છુક પુખ્ત સભ્યો ધરાવતા દરેક ગ્રામિણ પરિવારને એકસો પચ્ચીસ (125) દિવસની વેતન આધારિત રોજગારીની કાયદેસર ગેરંટી આપવામાં આવે છે; સશક્તિકરણ, વિકાસ, સંમિલન અને સમ્પૂર્ણતા દ્વારા સમૃદ્ધ અને લવચીક ગ્રામિણ ભારતનું નિર્માણ કરવા માટે; તેમજ તે સંબંધિત અથવા આનુષંગિક બાબતો માટે.

### (૨) વિકસિત ભારતના દ્રષ્ટિકોણ સાથે સુસંગત વધારેલી આજીવિકા ગેરંટી:

અકુશળ વર્કર તરીકે કામ કરવા સ્વૈચ્છિક રીતે તૈયાર એવા પુખ્ત સભ્યો ધરાવતા દરેક ગ્રામિણ પરિવારને દરેક નાણાકીય વર્ષમાં એકસો પચ્ચીસ (125) દિવસની કાયદેસર વેતન આધારિત રોજગારીની ગેરંટી મળશે.

### (3) અધિનિયમ હેઠળ લેવામાં આવનાર કાર્યો:

આ અધિનિયમ હેઠળ હાથ ધરવામાં આવનાર તમામ કાર્યો અને પ્રોજેક્ટ્સ 'વિકસિત ભારત રાષ્ટ્રીય ગ્રામિણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટેક'નો ભાગ રહેશે. તેમાં પાણી સુરક્ષા (પાણી સંબંધિત કાર્યો), મૂળભૂત માળખાકીય સુવિધાઓ, આજીવિકા સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા અતિશય હવામાન ઘટનાઓના નિવારણ માટેના કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે.

### (૪) કાર્યોની આયોજન પ્રક્રિયા:

કાર્યોનું આયોજન ગ્રામ પંચાયત દ્વારા તૈયાર કરાયેલ 'વિકસિત ગ્રામ પંચાયત યોજના' મારફતે કરવામાં આવશે અને તેને PM ગતિ-શક્તિ સહિતની રાષ્ટ્રીય સ્થાનીક આયોજન પ્રણાલીઓ સાથે સંકલિત કરવામાં આવશે. પંચાયતોની ભૌગોલિક સ્થિતિ, શહેરીકરણ તરફની પ્રગતિ વગેરે આધારે અલગ-અલગ વિકાસ જરૂરિયાતોને આયોજનમાં ધ્યાનમાં લેવામાં આવશે.

### (૫) ખેતીના પીક મોસમ દરમિયાન પૂરતા કૃષિ મજૂરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા:

ગ્રામિણ કામદારો માટે વધારેલી વેતન રોજગારી ગેરંટીના પરિપ્રેક્ષ્યમાં, ખાસ કરીને વાવણી અને કાપણીના પીક મોસમ દરમિયાન કૃષિ મજૂરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી આવશ્યક છે. આ માટે અધિનિયમમાં રાજ્ય સરકારોને નાણાકીય વર્ષમાં કુલ સાઠ (60) દિવસ સુધીના સમયગાળા અગાઉથી જાહેર કરવાની સત્તા આપવામાં આવશે, જેમાં આ અધિનિયમ હેઠળના કાર્યો હાથ ધરવામાં નહીં આવે.

### (૬) યોજનાનો સ્વરૂપ:

યોજના કેન્દ્ર પ્રાયોજિત યોજના (Centrally Sponsored Scheme) તરીકે અમલમાં મૂકવામાં આવશે. અધિનિયમ મુજબ, અધિનિયમ અમલમાં આવ્યા બાદ છ મહિનાની અંદર રાજ્યોએ યોજનાની સૂચના જાહેર કરવી પડશે.

### (૭) નાણાંકીય ભાગીદારીનો માળખું:

કેન્દ્ર સરકાર અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ (UT) સરકારો વચ્ચે નાણાં વહેંચણીનું પ્રમાણ ઉત્તર-પૂર્વ રાજ્યો અને હિમાલયન રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે 90:10 અને અન્ય તમામ વિધાનસભા ધરાવતા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે 60:40 રહેશે.

## (૮) રાજ્યોને માનક ફાળવણી (Normative Allocation):

કેન્દ્ર સરકાર એક સંયુક્ત સૂચકાંકના આધારે દરેક રાજ્યને માનક ફાળવણી કરશે. મંજૂર માનક ફાળવણીથી વધુ ખર્ચની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.

## (૯) વિશેષ છૂટછાટો:

પ્રાકૃતિક આપત્તિ અથવા અસાધારણ પરિસ્થિતિઓ દરમિયાન, કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મુજબ, સમયસર પ્રતિસાદ અને રાહત માટે અધિનિયમની જોગવાઈઓમાં અસ્થાયી ફેરફારો કરવાની વિશેષ છૂટછાટ આપવામાં આવશે.

## (૧૦) અમલીકરણ માળખું:

રાષ્ટ્રીય સ્તરની સ્ટિયરિંગ કમિટી યોજનાની સમગ્ર દેખરેખ રાખશે અને માનક ફાળવણીને મંજૂરી આપવા સહિત નિર્ધારિત અન્ય કાર્યો કરશે. રાજ્ય સ્ટિયરિંગ કમિટી રાજ્યમાં યોજનાના અમલીકરણ માટે જવાબદાર રહેશે અને રાષ્ટ્રીય સ્તરે આપવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર રાજ્ય-વિશિષ્ટ દેખરેખ, નિરીક્ષણ અને નીતિ માર્ગદર્શન આપશે.

## (૧૧) જિલ્લા કાર્યક્રમ સંયોજક (District Programme Coordinator):

જિલ્લા કાર્યક્રમ સંયોજક જિલ્લામાં યોજનાના આયોજન, અમલીકરણ, દેખરેખ અને સંકલન માટે જવાબદાર સત્તાધિકારી રહેશે. બ્લોક સ્તરે કાર્યક્રમ અધિકારી રોજગાર માંગની પ્રક્રિયા, કાર્યસ્થળોની દેખરેખ અને સહભાગી આયોજન પ્રક્રિયાઓ માટે જવાબદાર રહેશે. ગ્રામ પંચાયત ગ્રામિણ રોજગાર ગેરંટી કાર્ડ જારી કરવા, વિકસિત ગ્રામ પંચાયત યોજના તૈયાર કરવા અને અધિનિયમમાં નિર્ધારિત અન્ય કાર્યો માટે જવાબદાર રહેશે.

## (૧૨) પંચાયત રાજ સંસ્થાની ભૂમિકા:

ગ્રામ પંચાયતની મુખ્ય અમલીકરણ ભૂમિકા રહેશે, જેમાં કામદારોની નોંધણી, ગ્રામિણ રોજગાર ગેરંટી કાર્ડ જારી કરવું અને પ્રાથમિકતા આધારે ઓછામાં ઓછા 50% કાર્યો અમલમાં મૂકવા જવાબદાર રહેશે. ગ્રામ સભા નિયમિત સામાજિક ઓડિટ કરશે. મધ્યમ (બ્લોક) પંચાયતો બ્લોક સ્તરની યોજના, પ્રસ્તાવોની સંકલન અને સંમિલન પર ધ્યાન આપશે. જિલ્લા પંચાયતો સમર્પિત સ્ટિયરિંગ કમિટી મારફતે સમગ્ર દેખરેખ અને મોનીટરીંગની જવાબદારી સંભાળશે.

## (૧૩) વેતન દર:

હાથથી કરાતા કામ માટેના વેતન દર કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવશે. જ્યાં સુધી અલગ દર જાહેર ન થાય ત્યાં સુધી મહાત્મા ગાંધી નરેગા હેઠળ જાહેર કરાયેલા વેતન દરો લાગુ ગણાશે.

## (૧૪) બેરોજગારી ભથ્થું:

જો રોજગારની માંગ કર્યા બાદ નિર્ધારિત સમયમર્યાદામાં કામ ન આપવામાં આવે, તો રાજ્ય સરકાર અધિનિયમની જોગવાઈ મુજબ બેરોજગારી ભથ્થું ચૂકવવા માટે જવાબદાર રહેશે.

## (૧૫) પારદર્શિતા અને જવાબદારી:

બાયોમેટ્રિક પ્રમાણીકરણ, સ્થાનીક ટેકનોલોજી આધારિત આયોજન, મોબાઇલ અને ડેશબોર્ડ આધારિત મોનીટરીંગ તથા સાપ્તાહિક જાહેર ખુલાસા પ્રણાલીઓ દ્વારા પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે. સામાજિક ઓડિટ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે.